પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૩૫૭ | ૧૦ માર્ચ, ૨૦૨૧, બુધવાર; મહા વદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# કોલકાતામાં બહુમાળી ઈમારતમાં આગ

**ન્યૂ કોયલાઘાટ બિલ્ડિંગના ૧૩મા માળ પર લાગેલી આગમાં નવનાં મોત : મોદીએ દુઃખ વ્યક્ત કર્યું, મમતાએ રેલવે પર સવાલ ઉઠાવ્યા : મોદીએ દુર્ઘટનામાં જીવ ગુમાવનારા લોકોના પરિજનોને ૨ લાખ અને ગંભીર રીતે ઘાયલ થયેલા લોકોને ૫૦ હજારની સહાય આપવાની મંજૂરી આપી**



કોલકાતા,તા.૯

પશ્ચિમ બંગાળના કોલકાતામાં સ્ટ્રેન્ડ રોડ પર સોમવાર સાંજે ન્યૂ કોયલાઘાટ બિલ્ડિંગના ૧૩મા માળ પર લાગેલી આગમાં અત્યાર સુધીમાં ૯ લોકોના મોત થયા છે. દુર્ઘટનાનો ભોગ બનેલી બિલ્ડિંગમાં ઈસ્ટર્ન રેલવેની ઓફિસ છે. દુર્ઘટનામાં મૃત્યુ પામનારામાં ૨ રેલવે પોલીસકર્મી પણ સામેલ છે. પીએમ મોદીએ આ દુર્ઘટનામાં જીવ ગુમાવનારા લોકોના પરિજનોને ૨ લાખ રૂપિયા અને ગંભીર રીતે ઘાયલ થયેલા લોકોને ૫૦ હજાર રૂપિયાની સહાયતા કરવાની મંજૂરી આપી છે. બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી પણ ઘટનાસ્થળે પહોંચ્યા અને સ્થિતિની સમીક્ષા કરી. પીએમ મોદીએ પણ આ દુર્ઘટના પર દુઃખ વ્યક્ત કર્યુ છે. આ સાથે જ તેમણે અકસ્માતમાં મૃત્યુ પામનારાઓના પરિજનોને ૨ લાખ રૂપિયા તથા ઘાયલોને ૫૦ હજાર રૂપિયા મદદ આપવાની જાહેરાત કરી છે. આ સાથે જ તેમણે ઘાયલોના જલદી સાજા થવાની કામના પણ કરી છે. કોલકાતા પોલીસના એક અધિકારીએ જણાવ્યું કે આગ લાગવાની ઘટના સાંજે ૬:૧૦ વાગે ઘટી. આ બિલ્ડિંગમાં પૂર્વ

● અનુસંધાન પાન-૭ પર

## ઉત્તરાખંડના મુખ્યમંત્રી ત્રિવેન્દ્ર સિંહ રાવતે રાજીનામું આપ્યું

**સીએમના વિરુદ્ધ કોઈપણ પ્રકારનો અસંતોષ કે મતભેદ નથી : એમએલએ મુન્ના સિંહ ચૌહાણ**

દહેરાદૂન,તા.૯

ઉત્તરખંડમાં છેલ્લાં સપ્તાહથી રાજકીય ઉથલપાથલ જોવા મળી રહી છે, જે બાદ મુખ્યમંત્રી ત્રિવેન્દ્રસિંહ રાવતે રાજીનામું આપી દીધું છે. તેઓએ થોડાં સમય પહેલાં જ રાજભવન પહોંચીને રાજ્યપાલ બેબી રાની મોર્ય સાથે મુલાકાત કરી જ્યાં તેઓએ પોતાનું રાજીનામું આપી દિધું છે. ઉચ્ચ શિક્ષણ મંત્રી ધનસિંહ રાવતને નવા મુખ્યમંત્રી બનાવવામાં આવી શકે છે. પાર્ટીના ધારાસભ્ય દળની બેઠક આવતી કાલે સવારે ૧૧ વાગ્યે મળશે. ધનસિંહ રાવત વર્તમાન સરકારમાં ઉચ્ચ શિક્ષણ મંત્રી છે. ધનસિંહને રાજધાની દેહરાદૂન લાવવા માટે સરકારી હેલિકોપ્ટર મોકલવામાં આવ્યું હતું. પાર્ટી હાઈકમાન્ડે રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રમન સિંહ, મહાસચિવ અને રાજ્યના પ્રભારી દુષ્યંત ગૌતમને ધારાસભ્ય દળની બેઠક માટે પર્યવેક્ષક બનાવવામાં આવ્યા છે. બંને ધારાસભ્ય દળના નવા નેતાની પસંદગી કરવા માટે આજે સાંજે જ દેહરાદૂન પહોંચશે. આ પહેલાં શનિવારે પાર્ટીએ આ બંને નેતાઓને ઓબ્ઝર્વર બનાવીને ઉત્તરાખંડ મોકલ્યા હતા. બંનેએ નારાજ નેતાઓ સાથે વાતચી



કરી રિપોર્ટ કેન્દ્રીય નેતૃત્વને સોંપ્યો હતો. રાવતના રાજીનામા બાદ ઉત્તરાખંડના પૂર્વ મુખ્યમંત્રી અને કોંગ્રેસ નેતા હરીશ રાવતનું નિવેદન સામે આવ્યું છે. તેઓએ કહ્યું કે ભાજપના કેન્દ્રીય નેતૃત્વએ પણ માની લીધું છે કે હાલની સરકાર કંઈ જ કરી શકી નથી. હવે હું રાજ્યની સત્તામાં બદલાવ જોઈ રહ્યો છું.

## ડિસેમ્બર સુધી ૧.૧૫ લાખ કરોડની લોન માંડવાળ

**ત્રણ વર્ષમાં ૫.૮૫ લાખ કરોડની માંડવાળ, એસબીઆઇએ સૌથી વધુ લોનની માંડવાળી કરી, દેશમાં સૌથી વધારે લોન માંડવાળ એસબીઆઇ બેંક્રે કરી : ગૃહ સમક્ષ રાજ્યકક્ષાના નાણામંત્રી અનુરાગ ઠાકુરે સ્થિતિની કબૂલાત કરી**

નવી દિલ્હી, તા. ૯

એક તરફ, બેંકો સામાન્ય માણસ પાસેથી જાતભાતના ચાર્જ વસૂલીને તગડી કમાણી કરતી હોય છે, જો લોનનો એકાદ હપ્તો ભરવાનું ચૂકી જવાય તો તગડો દંડ કરતી હોય છે, ત્યારે બીજી તરફ બેંકો તગડી લોન્સ લઈને બેસેલા લોકો પાસેથી ૧.૧૫ લાખ કરોડની વસૂલી કરવામાં નિષ્ફળ રહી છે. નાણાંકીય વર્ષના પહેલા ત્રણ ક્વાર્ટર એટલે કે એપ્રિલ ૨૦૨૦થી ડિસેમ્બર ૨૦૨૦ સુધીના ગાળામાં દેશની બેંકોએ ૧.૧૫ લાખ કરોડ રુપિયાની બેડ લોન્સને પોતાની બેલેન્સ શીટમાંથી હટાવી દીધી છે. લોકસભામાં આ અંગે પૂછાયેલા એક સવાલનો જવાબ આપતા સરકારે જ તેની કબૂલાત કરી હતી.

બેંક દ્વારા આપવામાં આવેલી લોનની વસૂલી ના થઈ શકે ત્યારે તેને બેડ લોન જાહેર કરવામાં આવે છે. આરબીઆઈના નિયમ અનુસાર, બેંકે જેટલી રકમની લોન બેડ લોન જાહેર થાય તેટલી રકમની અલગથી જોગવાઈ કરવી પડે છે. જો ચાર વર્ષ સુધી બેડ લોનમાં કોઈ પ્રકારની વસૂલી

● અનુસંધાન પાન-૭ પર

## સાસરિયામાં પત્ની પર થતા અત્યાચાર માટે પતિ જ જવાબદાર: સુપ્રિમ કોર્ટ

**પત્નિ પર અત્યાચાર ગુજારનારા પતિના આગોતરા જામીન સુપ્રિમે ફગાવ્યા**

ન્યુ દિલ્હી,તા.૯

સુપ્રીમ કોર્ટે એક કેસમાં સુનાવણી દરમિયાન કહ્યુ કે જો સાસરિયામાં પત્નીને કોઈએ પણ મારી તો તેના માટે પતિ જ જવાબદાર હશે. ભલે મહિલાને કોઈ અન્ય સંબંધીઓ ઈજા કેમ ન પહોંચાડી હોય પરંતુ તેનો જવાબદાર પતિ જ હશે. પોતાની પત્નીની મારપીટ કરનાર આરોપીએ સુપ્રીમ કોર્ટમાં જામીન માટે અરજી કરી હતી. આ કેસમાં સોમવારે (૮ માર્ચ) સુપ્રીમ કોર્ટે સુનાવણી કરીને પત્નીની મારપીટ કરનાર આરોપીને ધરપકડ પહેલા જામીન આપવાનો ઈનકાર કરી દીધો છે. આ સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે કહ્યુ, જો સાસરિયામાં મહિલાની મારપીટ થાય કે તેને કોઈ ઈજા થાય તો મુખ્ય રીતે પહેલા જવાબદાર વ્યક્તિ મહિલાનો પતિ હશે. સુપ્રીમ કોર્ટે જે વ્યક્તિની અરજી પર સુનાવણી કરી હતી, આ તેના ત્રીજા લગ્ન હતા અને મહિલાના બીજા લગ્ન હતા.

લગ્ન બાદ વર્ષ ૨૦૧૮માં બંને કપલને એક બાળક થયુ. તેમના લગ્ન વર્ષ ૨૦૧૭માં થયા હતા. જૂન ૨૦૨૦માં મહિલાએ લુધિયાણા પોલિસમાં પતિ અને સાસરિયાવાળા સામે ફરિયાદ નોંધાવી હતી. મહિલાએ આરોપ લગાવ્યો હતો કે દહેજની માંગ પૂરી ન કરવાના કારણે પતિ, સાસુ અને સસરાએ બહુ ખરાબ રીતે મારપીટ કરી હતી.

જ્યારે આરોપી પતિના વકીલ કુશાગ્ર મહાજન આગોતરા જામીન માટે પોતાની દલીલ આપી રહ્યા હતા તો સીજેઆઈ એસએ બોબડેની અધ્યક્ષતાવાળી પીઠે કહ્યુ, ’તુ કયા પ્રકારના માણસ છે? (આરોપી પતિ)તેણે (પત્ની) આરોપ લગાવ્યો છે કે તુ એનુ ગળુ દબાવીને હત્યા કરવાનો હતો. તેણે આરોપ લગાવ્યો કે તે ગર્ભપાત માટે મજબૂર કરી. તુ પોતાની પત્નીને મારવા માટે ક્રિકેટના બેટનો ઉપયોગ કરતો હતો, કયા પ્રકારનો માણસ છે તુ.

## થાણેના ૧૬ હોટસ્પોટમાં ૩૧ માર્ચ સુધી લોકડાઉન

**દેશભરમાં કોરોના કેસોમાં એકાએક વધારો : મહારાષ્ટ્રમાં સ્થિતિ ચિંતાજનક : સતત બે દિવસ કોરોનાના કેસ વધ્યા બાદ ૨૪ કલાકમાં દેશમાં ૧૫,૩૮૮ નવા કેસ નોંધાયા : કોરોના કેસોમાં વધારો થતાં નાસિકમાં પણ વીકએન્ડમાં લોકડાઉન લાગુ રહેશે**





મુંબઇ,તા.૯

દેશમાં જ્યા કોરોનાનાં કેસમાં છેલ્લા ઘણા દિવસોથી વધારો ઝીંકાયો છે. ત્યારે સૌથી વધુ કોરોનાનાં કેસ મહારાષ્ટ્રમાંથી સામે આવી રહ્યા છે. અહી સ્થિતિ સતત બેકાબુ થઈ રહી છે. મહારાષ્ટ્રમાં દિનપ્રતિદિન કોરોનાના કેસો વધી રહ્યાં છે. વધતા જતા કેસોથી થાણે મ્યુનિસિપલ કોર્પોરેશને જિલ્લાના ૧૬ હોટસ્પોટમાં ૩૧ માર્ચ સુધી લોકડાઉન લાદવાનો નિર્ણય લીધો છે.

તદપરાંત કોરોનાના વધતા જતા કેસોને કારણે નાસિકમાં પણ વીકએન્ડમાં લોકડાઉન રહેશે અને મંગળવારથી અન્ય ઘણા પ્રતિબંધો લગાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેએ પરિસ્થિતિની સમીક્ષા કર્યા પછી વહીવટી તંત્રએ નિર્ણય લીધો કે ૧૫ માર્ચથી જિલ્લામાં લગ્નના કાર્યક્રમોની મંજૂરી આપવામાં આવશે નહીં. જેમને પહેલાંથી જ ૧૫ માર્ચ સુધી પરવાનગી મળી ચૂકી છે, માત્ર તેમને મંજૂરી આપવામાં આવશે. જ્યારે થાણે શહેરના ૧૧ હોટસ્પોટ પર ૧૧ માર્ચથી ૩૧ માર્ચ સુધી લોકડાઉન લાગુ કરવામાં આવ્યું છે.

મહારાષ્ટ્રનાં ઘણા શહેરોમાં જાહેર જનતા માટે અવર-જવર પર અંકુશની સાથે રાજ્યનાં આરોગ્ય પ્રધાન રાજેશ ટોપેએ એક ચેતવણી આપી છે કે ખરેખર કોરોના જોખમી પરિસ્થિતિમાં પહોંચી રહ્યો છે. ટોપે કહ્યું કે, મહારાષ્ટ્રનાં મુખ્યમંત્રી, જિલ્લા મેજિસ્ટ્રેટ્સ અને પોલીસ કમિશનરો સાથે ચર્ચા કર્યા પછી કડક પગલાની જાહેરાત કરી શકાય છે. આપને જણાવી દઈએ કે, થાણે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા મંગળવારથી ૩૧ માર્ચ સુધી ૠફ્ફ્ઢ હોટસ્પોટ વિસ્તારોને લોકડાઉન કરવામાં આવે છે. હજી સુધી થાણેનાં ૧૬ વિસ્તારોને હોટસ્પોટ્સ તરીકે ઓળખવામાં આવ્યા છે. મહારાષ્ટ્ર સરકાર દ્વારા મિશન ફરી શરૂ હેઠળ આપેલી છૂટ મુજબ હોટસ્પોટની બહારનાં વિસ્તારોમાં પ્રવૃત્તિઓને મંજૂરી આપવામાં આવશે.

કોરોના વાયરસનાં વધતા વાયરસનાં કારણે વહીવટીતંત્રે આ નિર્ણય લીધો છે. ૩૧ માર્ચ સુધી લોકડાઉન લગાવી દેવામાં આવ્યું છે. લોકડાઉનમાં જરૂરી ચીજ-વસ્તુઓ પર કોઈ પ્રતિબંધ રહેશે નહીં, બાકીની બાબતો પર ખૂબ કડક વલણ રહેશે.

## સાંસદ મોહન ડેલકર હત્યાની તપાસ માટે મહારાષ્ટ્ર સરકારે સીટની રચના કરી

મુંબઇ,તા.૯

સાંસદ મોહન ડેલકરની સ્યુસાઈડ નોટમાં દાદરા અને નગર હવેલીના પ્રશાસક પ્રફુલ્લ ખોડા પટેલ તથા ભાજપના બીજા નેતાઓના નામ સામે આવતા ખળખળાટ મચ્યો છે.

મહારાષ્ટ્રના ગૃહમંત્રી અનિલ દેશમુખે વિધાનસભામાં જણાવ્યું કે મોહન ડેલકરે તેમની સ્યુસાઈડ નોટમાં જણાવ્યું હતું કે તેઓ મુંબઈમાં આપઘાત કરી રહ્યાં છે કારણ કે તેમને લાગતું હતું કે ફક્ત મહારાષ્ટ્ર સરકાર તેમને ન્યાય અપાવી શકશે.

મહારાષ્ટ્રના ગૃહમંત્રી અનિલ દેશમુખે દાદરા નગર હવેલીના સાંસદ મોહન ડેલકરના મોત કેસની તપાસ સીટ પાસે કરાવવાની જાહેરાત કરી છે. મોહન ડેલકરે સ્યુસાઈડ નોટમાં ઘણા ભાજપ નેતાઓ અને પ્રશાસક પ્રફુલ્લ પટેલના નામનો ઉલ્લેખ કર્યો છે.

મહારાષ્ટ્રના ગૃહમંત્રી અનિલ દેશમુખના જણાવ્યાનુસાર મોહન ડેલકરે તેમની આપઘાતની નોટમાં લખ્યું હતું કે દાદરા નગર હવેલીના પ્રશાસક પ્રફુલ્લ પટેલ તેમની પારાવાર હેરાનગતિ કરી રહ્યાં છે અને તેઓ તેમને દબાણ કરી રહ્યાં છે.ડેલકરે કહ્યું હતું કે મને પ્રફુલ્લ પટેલ તરફથી સતત ધમકીઓ મળી રહી હતી. પ્રફુલ્લ પટેલ મને જાનથી મારી નાખવાની પણ ધમકી આપી રહ્યાં હતા.

## ભાજપના નેતા અડવાણીએ વેક્સિનનો પ્રથમ ડોઝ લીધો



ભાજપના વરિષ્ઠ નેતા અને ભૂતપૂર્વ નાયબ વડાપ્રધાન લાલ કૃષ્ણ અડવાણીએ મંગળવારે કોરોના વેક્સીનનો પ્રથમ ડોઝ લીધો હતો. એલ કે અડવાણીએ દિલ્હી એઈમ્સમાં જઈને કોરોના રસીનો પ્રથમ ડોઝ મુકાવ્યો છે. તેઓ પેન્ટ અને શર્ટ તેમજ મોં પર માસ્ક પહેરીને એઈમ્સ પહોંચ્યા હતા. કોરોના રસીકરણના બીજા તબક્કાનો પ્રારંભ થઈ ગયો છે. ૬૦ વર્ષથી વધુ ઉમર ધરાવતા લોકોને હાલ કોરોના રસી આપવામાં આવી રહી છે. આ ઉપરાંત ગંભીર બીમારી ધરાવતા ૪૫થી વધુ ઉમરની વ્યક્તિઓનું પણ કોરોના રસીકરણ કરવામાં આવી રહ્યું છે.

## સ્ટાર રણબીર કપૂર અને સંજય લીલા ભણસાલી કોરોના પોઝિટિવ

**સારી રિકવરી થઈ રહી હોવાનું નીતુ કપૂરે કહ્યું, ચાહકોનો આભાર માન્યો**

મુંબઈ, તા. ૯

છેલ્લા એક વર્ષથી દુનિયા કોરોના વાયરસ સામે લડી રહી છે. માત્ર સામાન્ય લોકો જ નહીં ઘણા સેલિબ્રિટીઝ પણ કોરોના વાયરસથી સંક્રમિત થઈ ચૂક્યા છે. આપણે હવે ન્યૂ નોર્મલ સ્વીકારી લીધું છે અને તેમાં ગોઠવાઈ ગયા છીએ છતાં કોરોના વાયરસના કેસમાં વધારો જોવા મળી રહ્યો છે. કોરોનાના કારણે સ્થિર થઈ ગયેલી દુનિયા ફરી દોડવા લાગી છે. ભારતમાં પણ લોકડાઉન બાદ ફિલ્મોના શૂટિંગ શરૂ થયા હતા અને થિયેટરો પણ ૧૦૦ ટકા ક્ષમતા સાથે ખોલવાની મંજૂરી મળી ગઈ છે. ત્યારે શૂટિંગ શરૂ થયા પછી પણ ઘણાં એક્ટર્સ કોરોના સંક્રમિત થયા હોવાની વાત સામે આવી હતી.

પંદર દિવસ પહેલા એક્ટર રણવીર શૌરીએ ટ્વિટર પર કોરોના પોઝિટિવ હોવાની વાત જણાવી હતી. ત્યારે મીડિયામાં અહેવાલો વહેતા થયા હતા કે એક્ટર રણબીર કપૂર પણ કોરોના સંક્રમિત થયો છે.

ન્યૂઝ પોર્ટલને રણધીરે જણાવ્યું હતું કે, મને ખબર છે ત્યાં સુધી તેની તબિયત ખરાબ છે. પરંતુ મને એ નથી ખબર કે તેને શું તકલીફ છે. હું હાલ મુંબઈમાં નથી. આ રિપોર્ટમાં એવો પણ દાવો થયો હતો કે, રણબીર ક્વોરન્ટીન થયો છે અને આરામ કરી રહ્યો છે.

હવે રણબીરની મમ્મી અને એક્ટ્રેસ નીતૂ કપૂરે કન્ફર્મ કર્યું છે કે, રણબીર કોરોના સંક્રમિત થયો છે. આ ઉપરાંત ફિલ્મ મેકર સંજય લીલા ભણસાલી પણ કોરોના પોઝિટિવ આવ્યા છે.

Vશાલ
SUPER MARKETની આજ
હીટ રેડ 625 ML
૨૩૦/-રૂ. MRP ૨૯૯/-
સેક્ટર-૬/કુડાસણ

## કૃષિ કાયદા અને ખેડૂતોનું પ્રદર્શન ભારતનો આંતરિક મામલો : બ્રિટન

લંડન,તા.૯

ભારતમાં છેલ્લા ૧૦ દિવસથી ચાલી રહેલા ખેડૂતોના આંદોલનને લઈને બ્રિટનની સંસદમાં ફરી એકવાર ચર્ચા હાથ ધરવામાં આવી હતી. આંદોલન કરી રહેલા ખેડૂતોની સુરક્ષા અને મીડિયાની સ્વતંત્રાને લઈને ભારત સરકાર પર દબાણ વધારવાની બ્રિટનની સંસદમાં કરવામાં આવેલી ઓનલાઈન પિટીશન બાદ આ ચર્ચા હાથ ધરવામાં આવી હતી. જાણકારી પ્રમાણે આ અરજી પર એક લાખથી વધારે લોકોએ હસ્તાક્ષર કર્યા હતાં.

લંડનાના પોર્ટકુલિસ હાઉસમાં ૯૦ મીનીટ સુધી ચાલેલી ચર્ચા દરમિયાન કંઝર્વેટિવ પાર્ટીની થેરેસા વિલિયમ્સે સ્પષ્ટ કહી દીધું હતું કે, કૃષિ આંદોલન એ ભારતનો આંતરીક મુદ્દો છે. આ મુદ્દાને લઈને કોઈ વિદેશી સંસદમાં ચર્ચા ના કરી શકાય.

ભારતના ખેડૂત આંદોલન મામલે લંડનના પોર્ટકુલિસ હાઉસમાં ચર્ચા હાથ ધરવામાં આવી હતી જે લગભગ ૯૦ મિનિટ સુધી ચાલી હતી. કોવિડ પ્રોટોકોલના કારણે કેટલાક

● અનુસંધાન પાન-૭ પર